જુલાઈ 2026
પરિપત્ર : 03

# Lions International

## District 3232-B1 | 2026-2027

3rd Floor, Lions Hub, Parshva Eminent, Nr. Gujarat College, Ellise Bridge, Ahmedabad 380006
**Call :** 98257 80831 • **Web :** www.lions3232b1.org • **Email :** liongirvanmehta3232b1@gmail.com

LIONS सदा सहायते 70 YEARS OF LIONS IN GUJARAT, INDIA 3232B1 • 2026-2027

Together ★ WeCanDoMore 3232B1 ~ 2026 2027

# Lions સંવાદ

**Lions - સદા સહાયતે**




**Girvan Mehta**
District Governor
98257 80831

WE SERVE · ROOTED IN SERVICE

ROOTED IN SERVICE

## A Proud Moment at the 108th Lions International Convention, Hong Kong






With immense pride and heartfelt congratulations, we celebrate Lion Girvan Mehta on taking the Oath of Office as District Governor 2026–2027 at the 108th Lions International Convention, Hong Kong.

This memorable occasion reflects his unwavering dedication, exemplary leadership, and steadfast commitment to the motto, “We Serve.” As he assumes this prestigious responsibility, we are confident that his vision will inspire every Lion to serve with greater compassion, unity, and excellence.

May this remarkable journey bring new milestones, strengthen fellowship, and leave a lasting legacy of meaningful service throughout the district and beyond.

Congratulations, District Governor Lion Girvan Mehta! Wishing you a successful and inspiring Lions year 2026–2027.

## A Historic & Proud Moment for District 3232B1





The Oath Ceremony of District Governor Lion Girvan Mehta was made even more memorable by the esteemed presence of PID Lion Praveen Chhajed, Multiple Council Chairman Lion Reena Dhupia, the District Governors and Vice District Governors of the District 3232B Family, PDG Lion Anil Agrawal, First Lion Lady Vibhuti Mehta and Lions members of the 3232B Family present at this occasion

**Pankaj Shah**
Cabinet Secretary

**Dhirendra Patel**
Dy.Cabinet Secretary

**Hetal Soni**
Jt.Cabinet Secretary

Editor
**Kaushik Mehta**
DC Communication & Publication
99788 15969

Design
**Maulik Manilal Rajput**
9428612562

# પ્રિય 3232B1 પરિવાર,



**ગિરવાન મહેતા**
ડિસ્ટ્રિક્ટ ગવર્નર

લાયન્સ સંસ્થામાં પ્રવેશ્યાના મારા **29મા વર્ષે**, આપ સૌના આશીર્વાદ અને વિશ્વાસથી આજે, **તા. 1 જુલાઈથી ડિસ્ટ્રિક્ટ ગવર્નર** તરીકે મારા કાર્યકાળનો પ્રારંભ થઈ રહ્યો છે. આ અવસર પર હું આપ સૌને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

આવનારા વર્ષ દરમિયાન, આપણે સૌ સાથે મળી, આપણા ડિસ્ટ્રીક્ટની ક્લબોને નવી ઊંચાઈઓએ લઈ જવા માટે પ્રયત્નશીલ રહીશું.

આ વર્ષના આંતરરાષ્ટ્રીય પ્રમુખ **શ્રી Mark Lyon** દ્વારા ખાસ કરીને યુવા કાર્યક્રમો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે વધુ કાર્ય કરવા માટે પ્રેરણા આપવામાં આવી છે. તે દિશામાં પણ આપણે આયોજનબદ્ધ રીતે આગળ વધીશું.

આ વર્ષે ત્રણ વિશિષ્ટ **સર્વિસ વીક**નું આયોજન કરવામાં આવશે, જેની વિગતવાર માહિતી સમયસર આપ સૌ સુધી પહોંચાડવામાં આવશે.

મિત્રો, ગુજરાતના લાયન્સ માટે આ વર્ષ અત્યંત ગૌરવપૂર્ણ છે. ગુજરાતમાં લાયન્સ સંસ્થાના આગમનને 70 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

સાત દાયકાનો આ ગૌરવશાળી ઈતિહાસ અને સમગ્ર વિશ્વમાં લાયન્સ સંસ્થાના **108 વર્ષના વારસામાંથી** પ્રેરણા લઈને આપણે આ વર્ષને વિશેષ રીતે ઉજવવાનું છે.

આપણે વિસ્તારની દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છીએ. પશ્ચિમ અમદાવાદ, અમદાવાદ જિલ્લાના બાવળા, બારેજા, સાણંદ, વિરમગામ, ધોલેરા અને ધોળકા જેવા વિકસતા વિસ્તારો તેમજ ઉત્તર ગુજરાતના વાવ, થરાદ, પાટણ અને સમગ્ર બનાસકાંઠા વિસ્તાર આપણા ડિસ્ટ્રીક્ટની વિશિષ્ટ ઓળખ છે. આવનારા વર્ષમાં જ્યાં જ્યાં લાયન્સ હજુ પહોંચ્યો નથી, ત્યાં સુધી લાયન્સની સેવા પહોંચાડવાનો આપણો સંકલ્પ રહેશે.

આપણી સંસ્થાનો એકમાત્ર ધ્યેય છે – વધુમાં વધુ લોકો સુધી સેવા પહોંચાડવી. આ ભાવના સાથે આપણે વર્ષભર કાર્ય કરવાનું છે. નવા વિચારો અને નવા વિભાગો અંગે પણ સમયાંતરે આપ સૌ સાથે ચર્ચા કરવામાં આવશે.

તાજેતરમાં યોજાયેલી બે દિવસીય ડિસ્ટ્રીક્ટ કાર્યશાળામાં આપ સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. હવે વર્ષનો સત્તાવાર પ્રારંભ થઈ ગયો છે. તેથી આપ સૌ **ક્લબ પ્રમુખશ્રીઓ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સને વિનંતી છે** કે આપની ક્લબોને વધુ જીવંત, સક્રિય અને સભ્યકેન્દ્રિત બનાવો, જેથી સભ્યોએ આપણામાં મૂકેલો વિશ્વાસ વધુ મજબૂત બને.

આ વર્ષના તમામ ક્લબ પ્રમુખશ્રીઓ, બોર્ડ સભ્યો તથા મારી સાથે જોડાયેલા **99 કેબિનેટ અધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન.** આપ સૌને વિનંતી છે કે સતત સક્રિય રહી વધુમાં વધુ સેવા પ્રવૃત્તિઓનું આયોજન કરો અને ક્લબોને નવી ઊર્જા આપો.

આપણા સૌ પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર્સ, આપણા **પ્રિય PID લાયન પ્રવીણભાઈ છાજેડ, મલ્ટિપલના માર્ગદર્શક PID હરેન્દ્રભાઈ શુક્લ, આપણા ડિસ્ટ્રીક્ટનાં મેન્ટર શ્રી મુકેશભાઈ પટેલ, મલ્ટિપલ કાઉન્સિલ ચેરપર્સન લાયન રીનાજી,** તેમજ તમામ પૂર્વ ગવર્નર્સના માર્ગદર્શન અને આશીર્વાદથી આપણે આજથી આ નવા વર્ષનો સશક્ત પ્રારંભ કરી રહ્યા છીએ.

આજે જ અનેક ક્લબો દ્વારા સેવા પ્રવૃત્તિઓનો શુભ પ્રારંભ થઈ ચૂક્યો છે, જે ખૂબ આનંદની બાબત છે.

ફરી એકવાર આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન અને સમગ્ર વર્ષ માટે હાર્દિક શુભેચ્છાઓ.

Together ~ WeCanDoMore

## લાયનિસ્ટિક વર્ષ 2026-27ના પ્રારંભે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ.



આ નવું વર્ષ સેવા, નેતૃત્વ અને મિત્રતાના નવા શિખરો સર કરવાનું વર્ષ બને તેવી શુભકામનાઓ. ડિસ્ટ્રિક્ટ કેબિનેટ સેક્રેટરી તરીકે હું ડિસ્ટ્રિક્ટના તમામ ક્લબો અને અધિકારીઓ સાથે સુમેળપૂર્ણ સંકલન દ્વારા કાર્યક્ષમ વહીવટ અને સફળતા માટે પ્રતિબદ્ધ છું. ક્લબ પ્રમુખ, સેક્રેટરી અને ટ્રેઝરરશ્રીઓને વિનંતી છે કે તમામ રિપોર્ટ્સ સમયસર સબમિટ કરી, સેવા પ્રવૃત્તિઓનું અસરકારક આયોજન કરે અને સભ્યવૃદ્ધિ પર વિશેષ ધ્યાન આપે. ડિસ્ટ્રિક્ટની તાલીમ, કેબિનેટ મીટિંગો અને વિવિધ કાર્યક્રમોમાં સક્રિય સહભાગી બની ડિજિટલ માધ્યમોનો વધુમાં વધુ ઉપયોગ કરીએ. ગુજરાત લાયન્સના 70 ગૌરવશાળી વર્ષોની ઉજવણી આપણને વધુ સેવા અને નેતૃત્વ માટે પ્રેરણા આપે છે. માનનીય ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન ગિરવાન મહેતાના માર્ગદર્શન હેઠળ આપણે સૌ મળીને ડિસ્ટ્રિક્ટ 3232 B1ને નવી ઊંચાઈઓએ પહોંચાડીએ.

"Together We Can Do More"
"સદાસહાયતે"
"We Serve"

**Pankaj Shah**
Cabinet Secretary

## ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ટ્રેઝરરનો સંદેશ
## લાયનિસ્ટિક વર્ષ 2026–27



લાયનિસ્ટિક વર્ષ 2026-27ના પ્રારંભે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ. ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ટ્રેઝરર તરીકે પારદર્શિતા, જવાબદારી અને સમયસર નાણાકીય શિસ્ત જાળવવા હું સંપૂર્ણ પ્રતિબદ્ધ છું. આપ સૌના સહયોગથી ક્લબ અને ડિસ્ટ્રિક્ટની નાણાકીય વ્યવસ્થા વધુ સુદૃઢ અને કાર્યક્ષમ બનશે તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે. સમયસર ડ્યૂઝ, નિયમિત હિસાબો, યોગ્ય આયોજન અને સુમેળભર્યા સંકલન દ્વારા આપણે સેવાનાં નવા માપદંડ સ્થાપિત કરી શકીશું. ગુજરાત લાયન્સના ગૌરવશાળી 70 વર્ષની ઉજવણીને સેવા, મિત્રતા અને સમર્પણથી ઐતિહાસિક બનાવીએ. માનનીય ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન ગિરવાન મહેતાના પ્રેરણાદાયી નેતૃત્વમાં આપણે સૌ એક ટીમ તરીકે આગળ વધીએ અને આપણા ધ્યેયને સાકાર કરીએ..

- July 2026 Exchange Rate LCI considers approx **₹94.34/USD**

**Lion Ketan Panchal**
District Cabinet Treasurer

**વર્ષ 2026-27 ના સૌ કેબિનેટ અધિકારીઓને પોતાની હોમ ક્લબમાં બે નવા સદસ્ય જોડવા આવશ્યક છે.**

## All India Schooling at Chennai






દર વર્ષે લાયન્સ ઇન્ડિયા કાઉન્સિલ દ્વારા 1થી 5 જૂન દરમિયાન ડિસ્ટ્રિક્ટ ગવર્નર્સ અને વાઇસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર્સ માટે ઓલ ઇન્ડિયા લાયન્સ સ્કૂલિંગનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ITC Grand Chola, Chennai ખાતે મિશન 1.5 સમિટ અને ચેમ્પિયન ઓફ ચેન્જ એવોર્ડ્સ સાથે ભવ્ય આયોજન થયું. દેશભરમાંથી વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ યોગદાન આપનાર 17 પ્રતિષ્ઠિત બિન-લાયન વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું. ગુજરાતમાંથી વાઘ બકરી ગ્રુપના **શ્રી પારસ દેસાઈ** અને જાપાનના માનદ કૉન્સુલ **CA મુકેશ પટેલ**ને આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો. આંતરરાષ્ટ્રીય પ્રમુખ **A. P. Singh** ના નેતૃત્વમાં સમગ્ર કાર્યક્રમ શિસ્તબદ્ધ અને પ્રેરણાદાયી રહ્યો.કાર્યશાળામાં વર્ષ 2026-27ના લક્ષ્યાંકો, નેતૃત્વ વિકાસ, સભ્યતા વૃદ્ધિ અને સેવા પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું.આ કાર્યક્રમમાં મારી સાથે પ્રથમ વાઇસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર **લાયન જીતેન્દ્ર રાવ**, દ્વિતીય વાઇસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર **લાયન રાજેન્દ્ર આચાર્ય**, GMT કોઓર્ડિનેટર **લાયન કલ્પેશ શેઠ** અને GET કોઓર્ડિનેટર લાયન **નટવરસિંહ ચાવડા** જોડાયા હતા.PID **લાયન પ્રવીણભાઈ છાજેડ** તથા મલ્ટિપલ કાઉન્સિલ ચેરપર્સન **લાયન રીનાજી**ના સતત માર્ગદર્શનથી કાર્યક્રમ વધુ સફળ બન્યો.આ જ્ઞાનવર્ધક કાર્યશાળાએ આવનારા વર્ષ માટે નવી ઊર્જા, સ્પષ્ટ દિશા અને વધુ સમર્પિત સેવા કાર્ય કરવાની પ્રેરણા આપી

## 14th June Schooling





**કાર્યશાળા – દ્વિતીય ચરણ (14 જૂન, 2026)**
**સંક્ષિપ્ત અહેવાલ**

તા. 14 જૂન, 2026ના રોજ એલ.એમ.એલ. સ્કૂલ ખાતે ક્લબ અને કેબિનેટ અધિકારીઓની કાર્યશાળાનું દ્વિતીય ચરણ સફળતાપૂર્વક યોજાયું. **શ્રીમતી વિભૂતિ મહેતા**એ ડિસ્ટ્રીક્ટ ગવર્નર **લાયન ગીરવાન મહેતા** સાથે પ્રશ્નોત્તરી દ્વારા વર્ષ 2026-27નું વિઝન રજૂ કર્યું તેમજ યુથ સિમ્પોઝિયમમાં પાંચ યુવા પ્રતિભાઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. ત્યારબાદ **શ્રીમતી જાનકી ભટ્ટે "સ્ટ્રેસ-ફ્રી રહીને ઉત્તમ પરિણામ"** વિષય પર પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું.

**લાયન વિભૂતિ ગિરવાન મહેતા**, સ્પાઉસ એંગેજમેંટ ચેરપર્સને તેમના સત્રમાં વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ યોજી હતી. ડિસ્ટ્રીક્ટ ગવર્નરે KYC, SWOT એનાલિસિસ અને ક્લબ ડ્રીમ ફોર્મ દ્વારા વર્ષનું આયોજન સુવ્યવસ્થિત બનાવવા માર્ગદર્શન આપ્યું. **ડૉ. લકી ગૌતમ, કૌશિક મહેતા** અને **કલ્પ પ્રજાપતિ**એ Lions Portal, ChatGPT અને Canva અંગે ક્લબના અધિકારીઓને ઉપયોગી તાલીમ આપી હતી.





## Zone Advisory Meeting Zone 1 to Zone 5

લાયન્સ કારકિર્દીમાં એક નવી જવાબદારી સાથે ઉત્તર ઝોન-૪ અને ઝોન-૫ના ઝોન ચેરમેનશ્રીઓની પ્રથમ પ્રિલીમરી ઝોન એડવાઈઝરી મીટીંગ પાટણ સર્કિટ હાઉસ ખાતે બંને ઝોનના ઝોન ચેરપર્સન **શ્રી નિકુલ મોદી** અને **કિરીટ આચાર્ય**ના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી.

ઝોન-૧,૨, અને ૩ ઝોન એડવાઈઝરી મીટીંગ લાયન્સ હબ, અમદાવાદ ખાતે ઝોન ચેરપર્સન **લાયન સંજય મોદી**, **આનંદ દોશી** અને **રિતેશદીપ બરોડીયા** ના નેતૃત્વમાં યોજાઇ હતી.

આ પ્રસંગે **ગવર્નરશ્રી ગિરવાન મહેતા**, બંને VDG સહિત કેબિનેટ ઓફિસરો, વિવિધ લાયન્સ લીઓ ક્લબના પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી અને લાયન્સ ડીસ્ટ્રીક કેબિનેટ ઓફિસરો ઉપસ્થિત રહ્યાં હતા. ઝોન એડવાઈઝરી મિટિંગમાં આગામી વર્ષ ૨૦૨૬-૨૭ ના આયોજન બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ બંને ઝોન એડવાઈઝરી મીટિંગ ખૂબ જ હકારાત્મક અને ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થઈ.










# Save The Date

**12/07/2026**
**District Award Night 2024-25**

**19/07/2026 • 9.30 AM**
**Cabinet Meeting**
at Hotel Sheraton, Ellisebridge Ahmedabad

**16/07/2026 • 9.30 AM**
**સત્યનારાયણની કથા**
આપણા લાયન્સ હબ પર ચારે ડીસ્ટ્રીકટના ગવર્નર શ્રી અને તેમની ટીમ સાથે મળીને શ્રી સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવશે અને તેના દ્વારા ચારે ડીસ્ટ્રીકટના લાયન્સ પરિવારની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવશે.

**16/07/2026**
**રથયાત્રા ઉત્સવ**
રથયાત્રામાં સામેલ પદયાત્રીઓને આપણા ડિસ્ટ્રીક્ટ તરફથી પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. બપોરે 3 થી સાંજે 6 વાગ્યા સદુમાતાની પોળ, શાહપુર ખાતે

**26/07/2026 • 9.30 AM**
**ડીસ્ટ્રીકટ પદગ્રહણ સમારોહ**
**મેનેજમેન્ટ ઓડિટોરિયમ, નિરમા યુનિવર્સિટી એસ. જી. હાઇવે અમદાવાદ**
**પદગ્રહણ વિધિ : શ્રી રાજેશ શાહ, પૂર્વ ગવર્નર**
**મુખ્ય અતિથિ : PID પ્રવિણ છાંજેડ**
**વિશેષ અતિથિ : શ્રીમતી રીના ધૂપિયા, મલ્ટિપલ કાઉન્સિલ ચેરમેન**
આ પદગ્રહણ સમારોહમાં ખૂબ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પ્રસિદ્ધ નિરમા યુનિવર્સિટી ખાતે આપણે નવા વર્ષના કેબિનેટ અધિકારીઓનો પદગ્રહણ વિધિ કરીશું. આ સાથે વોટર કન્વર્ઝેશન અને ઓર્ગન ડોનેશનના પ્રોજેક્ટ પણ રાખવામાં આવ્યા છે. જેની વધુ માહિતી હવે પછી આપવામાં આવશે.

**02/08/2026 • 9.30 AM**
**President Banquet**
at Hotel Panorama, Prahladnagar Garden Ahmedabad

**Past District Governor Birthday in July 2026**

Dt 08/07/2026 Lion Rakesh Patel

Dt 26/07/2026 Lion Dr. Bharat Bhagat

Dt 28/07/2026 Lion Bharat Chhajer

**Wish You Happy Birthday**

**July 2026 Exchange Rate LCI considers approx ₹94.34/USD**

## District Directory 2026–27

Grow your business while supporting a noble cause. Your advertisement not only promotes your brand but also contributes to meaningful service activities of Lions International. Financial support to District.

### ADVERTISEMENT OPTIONS Premium (Limited)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Back Cover | 1,25,000 | Inside Back | 75,000 | Inner Page Full Page | 25,000 |
| Inside Front | 1,00,000 | Centre Spread | 50,000 | Half Page | 15,000 |

# શુભ મુહૂર્તે નેતૃત્વનો મંગલ પ્રારંભ, સેવાના સંકલ્પ સાથે પદગ્રહણ સમારોહ

લાયન્સ હોલ, મીઠાખળીથી લાયન્સ હબ (ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર) સુધી તા,૦૯/૦૭/૨૦૨૬ના રોજ લાયન્સ સભ્યોની ભવ્ય પદયાત્રા યોજાઈ હતી. ત્યારબાદ શુભ મુહૂર્તે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે લાયન ગિરવાન મહેતાએ ડિસ્ટ્રિક્ટ ગવર્નર તરીકે વિધિવત્ પદગ્રહણ કર્યું હતું. આ સાથે ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર **લાયન જીતેન્દ્ર રાવ** તથા સેકન્ડ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર **લાયન રાજેન્દ્ર આચાર્ય**એ પણ પોતાના પદનો કાર્યભાર સંભાળ્યો હતો.

આ પ્રસંગે પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર **લાયન મિલન દલાલ, મહેન્દ્રભાઈ શાહ** દ્વારા ત્રણે ગવર્નરોશ્રીઓને શુભાશીર્વાદ પાઠવી સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમારોહમાં ડિસ્ટ્રિક્ટ કેબિનેટ સેક્રેટરી લાયન પંકજ શાહ, ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ટ્રેઝરર કેતન પંચાલ સહિત ડિસ્ટ્રિક્ટ કેબિનેટના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં લાયન્સ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સેવા, સમર્પણ અને એકતાની ભાવનાથી ઓતપ્રોત રહ્યો હતો.













